પરદેશ પાર્સલ સર્વિસ
www.chipsairexp.com
CHIPS
Express
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૭ | ૨૯ નવેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; માગસર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેનું રાજતિલક

**ભવ્ય કાર્યક્રમ વચ્ચે ઉદ્ધવ ઠાકરેની મુખ્યપ્રધાન તરીકે શપથવિધિ : બાલા સાહેબ થોરાટ, છગન ભુજબળ, એકનાથ શિંદે, સુભાષ દેસાઈ, જયંત પાટિલ દ્વારા પણ શપથ લેવાયા : ઠાકરે પરિવારમાંથી ઉદ્ધવ પ્રથમ મુખ્યમંત્રી : ૫૯ વર્ષિય ઉદ્ધવ ઠાકરેએ ૬.૪૦ વાગે મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા, રાજ્યપાલ કોશિયારીએ શપથ લેવડાવ્યાં**








મુંબઈ, તા. ૨૮

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઐતિહાસિક શિવાજી પાર્કમાં આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેની તાજપોશી કરવામાં આવી હતી. આની સાથે જ મહારાષ્ટ્રમાં ઉદ્ધવ શાસનની શરૂઆત થઈ છે. સાથે સાથે છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી રાજકીય ઉથલપાથલનો અંત આવી ગયો છે. એનસીપીના નેતા શરદ પવાર અને અન્યોની ઉપસ્થિતિમાં આ શપથવિધિ યોજાઈ હતી. રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ સાંજે ઉદ્ધવ ઠાકરેને મુખ્યપ્રધાન તરીકે શપથ અપાવ્યા હતા. ઉદ્ધવ ઠાકરે ઉપરાંત અન્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ પહેલા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલનો દોર છેલ્લા કેટલાય દિવસથી જારી રહ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ મરાઠી ભાષામાં હોદા અને ગુપ્તતાના શપથ લીધા હતા. ઉદ્ધવ ઠાકરે બાદ શિવસેનાના એકનાથ શિંદેએ મંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારબાદ અન્યોએ ક્રમશઃ શપથ લીધા હતા. ઉદ્ધવ ઠાકરેએ શપથ લીધા ત્યારે જોરદાર આતશબાજી પણ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ આજે મહારાષ્ટ્રના ૧૮માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા જ્યારે મનોહર જોશી અને નારાયણ રાણે બાદ આ હોદ્દા પર પહોંચનાર શિવસેનાના ત્રીજા નેતા બન્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૨૪મી ઓક્ટોબરના દિવસે જાહેર થયા બાદ એક મહિના પછી મુખ્યમંત્રી તરીકે તાજપોશી થઈ છે. પરિણામ જાહેર થયા બાદ રાજ્યમાં નવા રાજકીય સમીકરણ જોવા મળ્યા હતા. ચૂંટણી પરિણામ આવ્યા બાદ તરત જ ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદે અઢી અઢી વર્ષ માટેની ફોર્મ્યુલાની વાત કરી હતી પરંતુ ભાજપે આવી કોઈ ફોર્મ્યુલા હોવાનો ઈન્કાર કરી દીધો હતો. આનાથી નારાજ ઠાકરેએ સરકાર સાથે રચનાને લઈને મંત્રણા રોકી દીધી હતી અને કહ્યું હતું કે, જુઠ્ઠાણાની વાત કરવી ચલાવી લેવાશે નહીં. ભગવા પાર્ટીઓ વચ્ચે ગઠબંધન તુટી ગયા બાદ એક નવા ગઠબંધનની શરૂઆત થઈ છે. એકબાજુ હિન્દુત્વના રસ્તા પર ચાલનાર શિવસેના છે.

**ત્રણેય પક્ષોના દિગ્ગજ નેતાઓ સહિત કોંગ્રેસી મુખ્યમંત્રીઓએ પણ હાજરી આપી, મુકેશ અંબાણી સપરિવાર હાજર રહ્યાં, ૧૪મી વિધાનસભામાં ઠાકરે મહારાષ્ટ્રના ૧૮મા મુખ્યમંત્રી બન્યા**


અનુસંધાન પાન-૭ પર


## તમામ ટોચની હસ્તીઓની વિશેષ હાજરી

મુંબઈ, તા. ૨૮

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે આજે શિવસેનાના ઉદ્ધવ ઠાકરેની તાજપોશી કરવામાં આવી હતી. તાજપોશીને ભવ્ય બનાવવા માટે તમામ આયોજન કરવામાં આવ્યું હતું. શિવાજી પાર્કમાં શિવાજી મહારાજ અને શિવસેનાના સ્થાપક બાલાસાહેબ ઠાકરેને સાક્ષી માનીને આ શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં તમામ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે, શિવસેનાના આદિત્ય ઠાકરે, એનસીપીના વડા શરદ પવાર, તેમના પુત્રી સુપ્રિયા સુલે, સંજય રાવત સહિતના તમામ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ તરફથી પણ તમામ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જો કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ શપથવિધિમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો હતો. શપથવિધિમાં અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરી પણ ધ્યાન ખેંચી રહી હતી. જો કે, તમામનું ધ્યાન સુપ્રિયા સુલેએ ખેંચ્યું હતું.

**મુકેશ અંબાણી પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા શપથવિધિમાં સોનિયા અને રાહુલ ગાંધી ગેરહાજર**

## ન્યુઝ ટ્રેક

### બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલનુ સફળ પરિક્ષણ

ભારતીય નૌસેનાએ બ્રહ્મોસ સુપર સોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ છે. ડીઆરડીઓ દ્વારા નિર્મિત આ મિસાઈલનુ અરબી સમુદ્રમાં પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ૩૦૦ કીમી સુધી આ મિસાઈલ સટીક નિસાન લગાવી શકે છે.

### ચંદ્રબાબુ પર ચંપલ ફેંકાઈ

અમરાવતીમાં નિર્માણ કાર્યોની પ્રગતિ જોવા પહોંચેલા પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની બસ પર ચંપલો ફેંકવામાં આવી હતી. ટીડીપી પ્રમુખની બસ વેંકટાપલેપ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. ખેડૂતો વાઈએસઆર કોંગ્રેસના સમર્થનમાં નાયડુ વિરૂદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.

### પાક. સેના પ્રમુખને છ માસનુ એક્સટેન્શન

પાકિસ્તાન સુપ્રિમ કોર્ટે આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાને છ માસનુ શરતી સેવા વિસ્તાર અપાયુ છે. તેને ઈમરાનખાન સરકાર માટે રાહત માનવામાં આવી રહી છે.

### મિનાક્ષી મંદિરમાં બોમ્બની અફવા

તમિલનાડુના મદુરાઈમાં સ્થિત અમ્મન મંદિરમાં બોમ્બની અફવા ફેલાઈ હતી. આ અફવાના પગલે બોમ્બ નિરોધક સ્કોડે મંદિર પરિસરની તપાસ કરી હતી.

### સૌથી ભયજનક પર્યટન સ્થળોની યાદીમાં પાકિસ્તાન મોખરે

પાકિસ્તાન સૌથી ભયજનક પર્યટન સ્થળોની યાદીમાં મોખરે આવી ગયું હતું. ઈન્ટરનેશનલ એસઓએસ નામની રિસ્ક એડવાઈઝ્ડ કંપનીએ જાહેર કરેલી યાદીમાં પાકિસ્તાન ટોચ પર હતું. કંપનીએ જણાવ્યું હતું કે ૨૦૨૦માં પણ પાકિસ્તાન સૌથી ભયજનક પર્યટન સ્થળ છે. આંતરરાષ્ટ્રીય પર્યટકોએ પોતાના જાનના જોખમે જ પાક જવાની યોજના ઘડવી.

# પ્રજ્ઞા ઠાકુરના નિવેદનને પગલે લોકસભામાં જોરદાર હોબાળો

**વિરોધ પક્ષો દ્વારા ધાંધલ વચ્ચે વોકઆઉટ કરાયો : કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષ દ્વારા લોકસભામાં હોબાળો**

નવીદિલ્હી, તા. ૨૮

મહાત્માં ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેને દેશભક્ત તરીકે ગણાવવાના સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના નિવેદનને લઈને આજે પણ જોરદાર હોબાળો થયો હતો. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો દ્વારા જોરદાર હોબાળો કરી વોકઆઉટ કરવામાં આવતા ચર્ચા રહી હતી.

ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેને લોકસભામાં ચર્ચા દરમિયાન રાષ્ટ્રભક્ત ગણાવવાના નિવેદનને લઈને લોકસભામાં ઘમસાણની સ્થિતી રહી હતી. ગુરૂવારના દિવસે પ્રશ્ન કલાકની કામગીરી શરૂ થવાની સાથે જ વિપક્ષી દળોએ જોરદાર હોબાળો મચાવ્યો હતો. આગાળા દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યુ હતુ કે ગોડસેને દેશભક્ત કહેવાના તેમના નિવેદનની પાર્ટી ટિકા કરે છે. જો કે કોંગ્રેસી સભ્યો આને લઈને સંતુષ્ટ થયા ન હતા અને વોકઆઉટ કર્યો હતો. ગુરૂવારના દિવસે લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ વિપક્ષી સભ્યોએ હોબાળો કર્યો હતો.



લોકસભામાં કોંગ્રેસી નેતા અધીર રંજન ચૌધરી સહિત વિપક્ષના તમામ સભ્યોએ હોબાળો કર્યોહતો. લોકસભામાં તેમના પ્રજ્ઞાના નિવેદનના મુદ્દા પર ચર્ચાની માંગ કરવામાં આવી હતી.

## પ્રજ્ઞાને સંરક્ષણ મંત્રાલયની સમિતિમાંથી હટાવાયા

નવી દિલ્હી,તા. ૨૮

નાથુરામ ગોડસે દેશભક્ત હોવાના નિવેદનને લઈને પ્રજ્ઞા ઠાકુર મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પ્રજ્ઞા ઠાકુરને લઈને ભારતીય જનતા પાર્ટી પણ નાખુશ દેખાઈ રહી છે. તેમની સામે કાર્યવાહી પણ શરૂ થઈ ચુકી છે. બુધવારના દિવસે લોકસભામાં જોરદાર હોબાળો રહ્યો હતો. ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુર દ્વારા લોકસભામાં નાથુરામ ગોડસે પર આપવામાં આવેલા નિવેદન બાદ પાર્ટી દ્વારા તેમની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવી છે.

ભાજપે કઠોર કાર્યવાહી કરીને મધ્યપ્રદેશના ભોપાલમાંથી સાંસદ પ્રજ્ઞા ઠાકુરની સંરક્ષણ મંત્રાલયની સમિતિમાંથી હકાલપટ્ટી કરી દીધી છે. પાર્ટી તેમનાથી એટલા હદ સુધી નારાજ છે કે તેમને સંસદીય દળની બેઠકમાં હાજરી ન આપવા માટે કહેવામાં આવ્યુ છે. પ્રજ્ઞાએ બુધવારના દિવસે લોકસભામાં મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેનો ઉલ્લેખ કરીને કેટલાક વિવાદ જગાવી દીધા હતા.

# બંગાળની પેટાચૂંટણીમાં ત્રણેય બેઠકો પર ટીએમસીની જીત

**દિલીપ ઘોષના ગઢમાં પણ ભાજપની હાર થઇ**

કોલકાતા, તા. ૨૮

પશ્ચિમ બંગાળમાં ત્રણ વિધાનસભા સીટો માટે યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યમાં મજબૂત પકડ જાળવી રાખી છે. ટીએમસીએ પેટાચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને ત્રણેય સીટો ઉપર કબજો જમાવ્યો છે. ટીએમસીએ ભાજપ અને કોંગ્રેસ પાસેથી એક એક સીટ આંચકી લીધી છે. લોકસભા ચૂંટણીમાં શાનદાર દેખાવ બાદ ૨૦૨૧ વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં લાગેલી ભારતીય જનતા પાર્ટીએ પરિણામોને લઈને અનેક મુશ્કેલીઓ ઉભી કરી હતી. પ્રદેશ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષના ગઢમાં પણ પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં દિલીપ ઘોષે મેદીનીપુર લોકસભા સીટથી જીત મેળવી લીધા બાદ ખડગપુર, સદરસીટ ખાલી કરી દીધી હતી. પેટાચૂંટણીમાં અહીંથી તૃણમુલ કોંગ્રેસના ઉમેદવાર પ્રદિપ સરકારે ૨૦૮૧૧ મતથી જીત મેળવી હતી. ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં અહીં ટીએમસી ત્રીજા નંબરે રહી હતી. આ પેટાચૂંટણીમાં ભાજપના દિલીપ ઘોષે કોંગ્રેસના જ્ઞાનસિંહને ૬૦૦૦ મતે હાર આપી હતી. પેટાચૂંટણીમાં પ્રદિપ સરકારે ભાજપના પ્રેમચંદ ઝાને હાર આપી હતી. કોંગ્રેસના ચિતરંજન મંડળ ત્રીજા સ્થાને રહ્યા હતા. આની સાથે જ કાલિયાગંજ વિધાનસભા સીટ પર યોજાયેલી પેટાચૂંટણીમાં ટીએમસીની જીત થઈ હતી.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225


# ઉત્તર ભારતના વિવિધ ક્ષેત્રોમાં ભીષણ હિમવર્ષા

નવી દિલ્હી, તા.૨૮

જમ્મુકાશ્મીરના ઉંચાણવાળા પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા તેમજ ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. સાથે સાથે ઠંડીમાં એકાએક તીવ્ર વધારો થયો છે. લોકોને ગરમ વસ્ત્રોમાં રહેવાની ફરજ પડી રહી છે. ઉત્તરાખંડમાં બદરીનાથ, કેદારનાથ અને યમનોત્રી અને ગંગોત્રી સહિતના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. ભારે હિમવર્ષાના કારણે પ્રવાસમાં પહોંચેલા પ્રવાસીઓને કેટલીક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે હિમવર્ષાના કારણે આનંદ માણનાર લોકો ભારે રોમાંચિત થયેલા છે. જો કે કેટલાક લોકોને ઘર અને હોટેલોમાં રહેવાની ફરજ પડી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ તમામ વિસ્તારોમાં આજે સતત ત્રીજા દિવસે ભારે હિમવર્ષા જારી રહી હતી. જેના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. હેમકુંડ સાહિબની સાથે સાથે ગઢવાલ કુમાઉ જેવા ક્ષેત્રોમાં


અનુસંધાન પાન-૭ પર



THE EMPEROR OF COMPETITIVE EXAMS
SINCE 1994
ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડમી
(1 માસ સુધી)
ફ્રી (મફત) ડેમો લેક્ચર


ગુજરાત સરકાર / કેન્દ્ર સરકારની ભરતી પરીક્ષાની તૈયારી કરતા સંભવિત તમામ ઉમેદવારો માટે "ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડમી" દ્વારા નીચેની તારીખ/સમય થી 1 માસ સુધી કોઇ પણ પ્રકારની ફી લીધા વિના
1 માસ સુધી જનરલ સ્ટડીઝ
(સામાન્ય જ્ઞાન)ના વર્ગ,
રૂબરૂ આવી આપનું નામ નોંધાવવું જરૂરી છે.
આજે જ રૂબરૂ રજીસ્ટ્રેશન કરાવો
વર્ગ શરૂ થવાની તારીખ:- 05-12-2019
ભણવાના દિવસ: સોમ-મંગળ-બુધ અથવા ગુરૂ-શુક્ર-શનિ
બેચનો સમય:-

બપોરના 11-30 થી 1-30
"OR"
સવારના 09 થી 11
"OR"
બપોરે 2 થી 4
'બાપુ' ગુજરાત નોલેજ વિલેજ Block D, 2nd Floor, Village : Vasan, Gandhinagar- Mansa State Highway Dist. Gandhinagar. (Gujarat) 72839 25083, 99258 02948 Voice Call No : + 91 72839 25083 Helpline No. : 1800 31 39811 (24 hrs.)
info@theknowledgevalley.com www.theknowledgevalley.com